## શીલ - એ ભૂષણ

માધવરાવ પેશવાના રાજ્યકાળમાં રામશાસ્ત્રી ત્રણ ત્રણ ઉચ્ચ સ્થાનોને શોભાવતા હતા: મંત્રી, ન્યાયાધીશ અને ધર્મશાસ્ત્રી. એમનાં સલાહ અને ન્યાય સર્વમાન્ય હતાં. બેસતા વર્ષના સપર્વા દિવસે એમનાં પત્ની રાજમાતાને મળવા રાજમહેલમાં ગયાં. એમનો સાદો પહેરવેશ જોઇ રાણીઓનાં આશ્ચર્યનો પાર ન રહ્યો. આવા અસામાન્ય પુરુષની સ્ત્રી આવા સામાન્ય વેશમાં! એમણે એમને નવાં વસ્ત્રો પહેરાવ્યાં અને અલંકારોથી વિભૂષિત કરી પાલખીમાં ઘેર મોકલ્યાં.

પાલખી ઉપાડનાર ભોઇઓએ આવી શાસ્ત્રીને બારણે ટકોરા માર્યા. રામશાસ્ત્રીએ બારણું ખોલ્યું પણ ઠકારો જોઇ પાછું બારણું બંધ કરતાં કહ્યું: "તમે ભૂલથી મારે બારણે આવ્યા છો. આ તો કોઇ દેવી છે. આ ગરીબ બ્રાહ્મણને ત્યાં એ ન હોય." એમનાં પત્ની સમજી ગયાં. રાજમહેલમાં જઇ વસ્ત્ર આભૂષણ પાછાં આપી. પેલા સાદાં કપડાં પહેરી પગપાળા એ ઘેર આવ્યાં.

પત્નીને સ્નેહથી સત્કારતાં શાસ્ત્રીએ કહ્યું: "તારી ગેરહાજરીમાં તારાં ઘરમાં કોઈ દેવી ઘૂસવા આવી હતી. એકપત્નીવ્રતધારી એવો હું તે એ કેમ સહન કરું?"



# દિવ્યદીપ

વર્ષ ૪ થું

### અસંગ

જે કોઇનો નથી તે જ બધાનો બની શકે છે. જગતના મહાપુરુષો કોઇના નથી એટલે જ તેઓ બધાના જ છે.

'ચિત્રભાનુ'

અંક ૮ મો

# ★ ભૂકંપ અને ભાવના ★

ભૌતિકવાદમાં ચકચૂર બનેલ માનવી કુદરતને ભૂલી જવા ઘણા પ્રયત્નો કરે છે પરંતુ કુદરત આચકો મારીને અંધારી રાત્રે પણ સહુને જગાડી પોતાના અસ્તિત્ત્વની યાદ આપે છે.

તા. ૧૧-૧૨-૬૭ સોમવારે સવારે ચારને વીસ મિનિટે એક આંચકો આવ્યો અને સહુ પોતાની પ્રગાઢ નિદ્રામાંથી સફાળા જાગૃત થયા. ઊઠીને લાઈટ કરતાં અજવાળું ન થયું. કોઈને ચોરનો ભય લાગ્યો પણ ઘણા સમજી ગયા કે આ ધરતીકંપ છે. મુંબઈ જેવી નગરીમાં પચીસમે માળે સુખની શય્યામાં આરામ કરતા ધનાઢ્યો પણ ચોંકી ઊઠયા. ધરતીકંપની જાણ અને અનુભૂતિ થતાં સહુ ખાલી હાથે બહાર દોડી આવ્યા. ઘણા લોકો રસ્તા ઉપર દોડી આવ્યા. તે વખતે કોઈને પણ પોતાના હીરા, મોતી, પન્ના, ઝવેરાત, સંપત્તિ, સમૃદ્ધિ લેવાનો ખ્યાલ પણ ન આવ્યો. સહુથી પ્યારો એવો પોતાનો જીવ જ વહાલો લાગ્યો.

થોડી ક્ષણોમાં બધું શમી ગયું અને બધાં ઘર ભેગાં થઈ ગયાં. બધુ શાંત થઈ ગયું.

પણ કુદરતી સંકેતમાંથી માનવતાના બીજનું રોપણ થયું. સહુ કોઈએ ખાલી હાથે જવાનું છે પણ જતાં પહેલાં આત્માને શાંતિ આપે એવું કોઈ કાર્ય કરીને જવું છે એવો સંકલ્પ કેટલાક સેવાભાવીઓએ કર્યો. શ્રીમતી મંગળાબેન ચીનુભાઈ શાહે તો સરકારી મદદની રાહ જોયા વિના કોયનામાં રસોડું શરૂ કરી દીધું. સેવાનું ઝરણું માનવમાંથી સુકાયું નથી. સેવા એ સ્થળ અને સમયની વાટ જોતી નથી એ આ સિદ્ધ કરે છે.

પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજ, જેમની પ્રેરણાથી બિહાર, ધરમપુર અને બોડેલીમાં સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા માનવ રાહત કેન્દ્રો ખોલી પીડિત આત્માઓની સેવાનું સુંદર કાર્ય થયું હતું તેઓશ્રીનું દિલ દ્રવી ઊઠયું. કોયનામાં ભૂકંપથી સંકટગ્રસ્ત એવા માનવો તરફ પૂ. ગુરુદેવના કરૂણાભર્યાં નયનો વળ્યાં અને સેવાભર્યો હાથ લંબાયો.

પૂ. ગુરુદેવ પ્રેરિત ડિવાઇન નોલેજ સોસાયટીએ કોયનામાં માનવ રાહત કેન્દ્રો ખોલવાનો નિર્ણય જાહેર કર્યો. શ્રી કે. કે. મોદીના નેતૃત્વ નીચે રસોડાં ચલાવવાને બદલે કોયનાની બાજુમાં આવેલ ચેરાડ અને બીજા બે ગામોના પુનર્વસવાટનું કામ હાથ ધર્યું.

ચેરાડ, પાટણથી પાંચ માઈલ દૂર આવેલું ૩૬૦ ઘરનું નાનું ગામ છે અને ૧૮૪૦ માણસોની ત્યાં વસ્તી છે માત્ર અનાજ અને રૂપિયા આપવાથી આવેલી વિપત્તિઓનો અંત નથી આવવાનો. ત્યાંના ઘણાખરા ઘરોને ખૂબ નુકસાન પહોંચ્યું છે. સરકાર તરફથી મદદ ચાલુ છે. પતરાં વગેરે વસ્તુઓ સરકાર પહોંચાડી રહી છે. સરકારે મોટાં મોટાં કામ હાથમાં લીધાં છે પણ સેવાભાવી કાર્યકરોની ખોટ અમારા આ કાર્યકર ભાઇઓએ પૂરી પાડી છે.

જરૂર પૂરતી દવાઓ આપવી, સ્કૂલો બંધાવી આપવી અને જવા આવવા માટે વાહન વ્યવહારની ગોઠવણ કરી આપવી, ટૂંકામાં ચેરાડ જેવા નાના-શા ગામમાં ઘર દીઠ ૩૦૦) રૂપિયાનો ખરચો થશે અને ચેરાડના પુનર્વસવાટ rehabilitation માટે રૂા. એક લાખનો ખરચો થશે.

આવી જ રીતે ચેરાડની બાજુમાં બીજા બે ગામોના પુનર્વસવાટનું કામ પણ હાથ ધરવા વિચારણા ચાલે છે. બધું મળીને રૂા. ત્રણ લાખ ખરચવામાં આવશે.

"Bhor Industries" તરફથી પંદર હજારનું કાપડ મળેલું છે. આ સિવાય કમાટીપુરાના મારવાડી જૈન ભાઈઓએ આ કાર્ય માટે પૂ. ગુરુદેવના ચરણોમાં ૧૨૩૯૦) રૂપિયા ધર્યા છે.

પૂ. ગુરુદેવની ઈચ્છાનુસાર ડિવાઇન નોલેજ સોસાયટી તરફથી શ્રી કે. કે. મોદી અને બીજા સેવાભાવી ભાઈઓ ચેરાડ પહોંચી ગયા છે અને સેવાનું કામ શરૂ થઈ ગયું છે.

કામ મોટું છે, પૂરું થતાં બે મહિના લાગશે પણ અમને આશા છે કે પૂ. ગુરુદેવની પ્રેરણાથી પ્રગટેલ આત્મદીપકમાં ઔદાર્યનું તેલ સદા રેડાતું જ રહેશે.

# "પ્રાર્થના અને પુરુષાર્થ"

આ વાત સદા સ્મૃતિમાં રહે કે પુણ્યનો ઉદય એટલે સંપત્તિ નહિ પણ સુબુદ્ધિ અને પાપનો ઉદય એટલે ગરીબી નહિ, પણ દુર્બુદ્ધિ.

માણસો પુણ્યના ઉદયને જગતમાં મેળવેલી સંપત્તિ ઉપરથી માપી રહ્યા છે. કોની પાસે કેટલી સંપત્તિ છે? અને જેની પાસે વધારે સંપત્તિ હોય એને સંસારમાં પુણ્યશાળી ગણવામાં આવે છે. પણ એની પાસે સદ્બુદ્ધિ હોય અને સંપત્તિ ન હોય તો લોકો એમ કહે કે ભણેલો ખરો, મગજ સારું પણ સાવ કડકો છે, તકદીર નથી, ખાલી છે. એટલે એને પુણ્યશાળી ગણવામાં નથી આવતો.

જેટલા જેટલા તમને સંપત્તિવાન પુરૃષો દેખાશે એ બધા જ તમને ભાગ્યવાન અને પુણ્યવાન લાગશે. અલબત્ત, પૈસો એ પુણ્યથી મળે છે પણ પૈસો એ જ પુણ્ય છે એમ નથી. બે વચ્ચે અંતર છે. પૈસો જે મળે છે એ પુણ્યથી મળે છે પણ પૈસામાં જ બધું પુણ્ય આવી ગયું એવું નથી.

કારણકે એ પૈસો કેટલીકવાર તો કલ્પના પણ ન કરી શકો એવાં પાપોને લઈ આવે છે, પૈસો ન કરવાના કજિયાં તમારી પાસે કરાવી શકે છે; પૈસો આત્માની નમ્રતાના રાજમાર્ગને બદલે ભયંકર એવા અહંકારના ડુંગરાઓમાં અટવાવી શકે અને પૈસો તમને સંતપુરુષોના સમાગમમાં લઇ જઇને ઉપદેશામૃતનું પાન કરાવવાને બદલે મદિરા, માંસ અને મૈથુનના વિષભર્યા ખાડામાં ફેંકાવી શકે.

એટલે પુણ્યથી પૈસો મળ્યો પણ પુણ્ય એ પૈસો નથી. અહીં પૈસો જ પાપનું કારણ થઈ ગયો. ગણીતશાસ્ત્રની જેમ આ જીવનશાસ્ત્ર છે. લોકો ભ્રમમાં પડ્યા છે અને આ ભ્રમ ઠેઠ ધર્મ સ્થાન સુધી આવી ગયો છે. જ્યાં જરાક પૈસો દેખાશે એટલે ધર્મોપદેશક પણ કહેશે કે તમારા જેવા ભાગ્યવાન કોણ?

જગત તો ભ્રમમાં છે, માયાએ તો માનવને ભ્રમમાં નાખ્યો હતો ત્યાં જગતના એ ભ્રમ ઉપર સંતે certificate આપ્યું. હવે એ ભ્રમને ઉડાડશે કોણ? માણસની આ એક પ્રગાઢ નિદ્રા છે. એનામાંથી માણસને પ્રબુદ્ધ કરશે કોણ? જગાડનાર જ ઊંઘી જાય તો! એટલે જ ધીમે ધીમે એ મૂર્છા વધતી જાય છે; પૈસા તરફની દોટ વધતી જાય છે; સંપત્તિ, મમતા વધતી જાય છે અને સુબુદ્ધિ તરફ દુર્લક્ષ થતું જાય છે.

સંપત્તિ આવી, ઠીક છે, ખોટું નથી. એની સામે વિરોધ નથી અને એને વખોડવા જેવી પણ નથી. પણ સંપત્તિની સાથે સુબુદ્ધિ આવી કે નહિ એ મોટી વાત છે.

જ્યારે સંપત્તિ સુબુદ્ધિ સાથે આવે છે ત્યારે જ એ લક્ષ્મી બને છે, જીવનને અજવાળે છે, તમારામાં એક જાતની રાજશ્રી આવે છે. એ રાજશ્રી શું છે?

માણસને જીવનમાં રસનું દર્શન થાય. એને લાગે કે હું જીવન જીવી રહ્યો છું. એના શબ્દોમાં મધુરતા હોય, મગજમાં નમ્રતા હોય, વિચારોમાં ધર્મ હોય અને આચરણમાં સદાચાર હોય. આ બધી ય વસ્તુઓ કોને લીધે આવે છે? સંપત્તિની સાથે સુબુદ્ધિ આવે તો જ આવે.

મહાભારતનો એક પ્રસંગ છે. પાંડવો અને કૌરવો શ્રીકૃષ્ણની સહાય માગે છે ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું: "જુઓ, એક બાજુ મારી આ બધી સેના અને વિભૂતિમત્તા છે અને એક બાજુ હું એકલો છું. એકલો આવું પણ લઢું નહિ. આ બેમાં પસંદ કરવા હોય તે કરી લો. કારણકે મારે મન તો તમે બન્ને સરખા છો. તમે બધા ય એક જ બીજનાં ફૂલ છો. મારે મન તમે સમાન

છો." કૌરવોએ વિચાર કર્યો "ઓહોહો! કેટલો મોટો વૈભવ છે, કેટલી મોટી શ્રીકૃષ્ણની સંપત્તિ અને સેના છે! આ બધું આપણને મળતું હોય તો આ એક ખાલી કૃષ્ણનું અમારે શું કામ છે" કૌરવોએ કહ્યું કે અમને તમારી બધી વસ્તુઓ હાથી, ઘોડા સૈન્ય આપજો. કૃષ્ણ કહે "કબૂલ છે."

ધર્મરાજાએ કહ્યું : "અમારે કાંઈ ન જોઇએ. અમારે તમે જોઇએ, બીજું કાંઇ નહિ જોઇએ. એક જો તમે હશો તો શૂન્યમાંથી સર્જન થશે અને જો તમે નહિ હો તો આખું સર્જન શૂન્ય થઇ જશે."

આ માગણીમાં જીવનનું દર્શન છે. આ રૂપક છે. રૂપકની ભાષા સમજવી પડશે. કૃષ્ણ એટલે શું? અને એનું સૈન્ય એટલે શું? એનું રાજ્ય ને સૈન્ય એટલે સંપત્તિ. અને કૃષ્ણ એટલે સુબુદ્ધિ.

જીવનના રથને દોરનારો સારથિ જો સુબુદ્ધિ નહિ હોય તો સમજી લેજો કે આ જીવનરથ ક્યાંય અથડાઈ પડવાનો. સમરાંગણમાં અર્જુન જો સફળતા મેળવી શકયા હોય તો એની બાણાવલિની કુશળતાને લીધે કે એના ગાંડીવના પરાક્રમને લીધે નહિ પણ એક સુકુશળ સારથિને લીધે.

જેની પાસે સદ્‌બુદ્ધિ છે એને કોઇ જ મારી નહિ શકે. તમે અરણ્યમાં જાઓ, અજાણ્યા પ્રદેશમાં જાઓ, કોઈના ય સથવારા વિના એકલા જાઓ પણ તમારી સાથે જો સુબુદ્ધિ હોય તો તમને સફળતા મળ્યા વિના રહેવાની જ નથી. પણ જેની પાસે સુબુદ્ધિ નથી પણ માત્ર સંપત્તિ જ છે એની સંપત્તિ લોકો ઝૂંટવી શકે છે, રાજાઓ એને દંડ દઈ શકે છે અને સરકાર એના ઉપર investigation મૂકી શકે એમ છે. શા માટે? સંપત્તિ છે પણ સુબુદ્ધિ નથી.

જીવનસંગ્રામમાં જેના જીવનરથનો સારથિ શ્રીકૃષ્ણરૂપ સુબુદ્ધિ છે એ આત્મારૂપ અર્જુનને વિજય મળ્યા વિના રહે ખરો?

આ સુબુદ્ધિ જેની પાસે હોય એ જ માણસ પુણ્યવાન છે, ભાગ્યવાન છે અને એ સુબુદ્ધિના જોરે સંસારની સંપત્તિને પોતાની પાસે એ બોલાવી શકે છે. અને ન બોલાવે તો જગતની સંપત્તિના સ્વામીઓને પોતાને ચરણે ઝુકાવી શકે છે.

એક સુબુદ્ધિમાન રાજા હતો. એને ત્યાં સંપત્તિવાન રાજા મહેમાન થયો. આ ધનાઢ્ય રાજાનો વૈભવ અને વિસ્તાર બહુ મોટો હતો. ધનાઢ્ય રાજાએ આ રાજાને ત્યાં ખૂબ મહેમાનગીરી માણી. આ રાજાનો મહેલ સાદો હતો; સાદી, સામાન્ય જીવનચર્યા હતી. પેલા સંપત્તિવાન રાજાએ આ સુબુદ્ધિવાન રાજાને એક પ્રશ્ન પૂછયો; "તમે રાજ્ય ચલાવો છો કે સદાવ્રતખાતું?" રાજાએ પૂછયું "કેમ? હું રાજ્ય જ ચલાવું છું." પેલો કહે "મને તો લાગે છે કે તમે સદાવ્રત ખાતું ચલાવો છો! લોકો પાસે મહેસૂલ લો નહિ, કર વસૂલ કરાવો નહિ અને ઉપરથી જે છે એમાંથી પણ લોકોને આપી દો, ગરીબોને વહેંચી નાખો અને તમારા રાજ્યભંડારને ખાલી રાખો તો રાજ્ય કેમ ચાલશે? હીરા નહિ, ઝવેરાત નહિ, નીલમ નહિ, પન્ના નહિ, કાંઇ જ નહિ અને તમારો ભંડારી પણ કેવો સાદો છે? મારા ભંડારની વાત તો જવા દો પણ એના શરીર ઉપરનું ઝવેરાત એક કરોડ રૂપિયાનું થાય. મારા રાજ્યભંડારને તમારા ભંડાર સાથે સરખાવું છું ત્યારે મને લાગે છે કે મારું રાજ્ય છે, તમારું સદાવ્રતખાતું. મેં તમારે ત્યાં અન્ન ખાધું છે એટલે મને થાય છે કે રાજ્ય કેમ ચલાવવું એની રીત શીખવતો જાઉં." પૂછયું 'કેવી રીતે?' એટલે એણે પ્રજાને કેવી રીતે નીચોવવી, પ્રજા પાસેથી વધારેમાં વધારે કેમ લેવું છતાં પ્રજા પ્રત્યે કેમ દુર્લક્ષ કરવું અને રાજ્યભંડારને કેમ સમૃદ્ધ બનાવવો એ બધીય વર્તમાન રીત એને બતાવી દીધી.

સુબુદ્ધિવાન રાજાએ કહ્યું: "તમે તમારી રીત બતાવી. તમે કહો તો હું મારી રીત બતાવું." કહે 'હા બતાવો.'

"હું તમને પૂછું કે તમારા રાજ્યની સંપત્તિ કેટલી છે એ મને કહો.' એ રાજાને આછો આછો ખ્યાલ હતો તે આપ્યો. આટલા હીરા, આટલા પન્ના એમ કરીને જેટલા અબજ રૂપિયા થતા હતા એ બધા ય ગણાવીને કહ્યું કે મારી રાજ્ય સંપત્તિ આટલા અબજ રૂપિયા થાય છે. સુબુદ્ધિવાન રાજા કહે: "તમારી પાસે આટલા અબજ રૂપિયા છે, હવે મારી પાસે શું છે તે બતાવું."

એણે તરત ગામમાં ઢંઢેરો પિટાવ્યો. "હું મુશ્કેલીમાં છું, મારે બીજા રાજાને આટલા અબજ રૂપિયા આપવાના છે, રાજાના રક્ષણનો આ પ્રશ્ન છે. માટે પોતાની શક્તિ હોય એ પ્રમાણે પ્રજા પ્રેમથી પોતાનો ફાળો રાજ્યભંડારમાં નોંધાવી જાય." ત્રણ દિવસમાં તો પ્રજાએ ધન, રત્નો, હીરા, પન્ના, બધું ય લાવી રાજ્યભંડારમાં મોટો ઢગલો કર્યો.

સુબુદ્ધિવાન રાજાએ સંપત્તિવાન રાજાને કહ્યું "હવે જરા ગણી જુઓ તમારી સંપત્તિ મારી આ સંપત્તિ સાથે સરખાવી જુઓ." આ સંપત્તિના રાશિના ઢગલા આગળ પેલાની સંપત્તિ વામણી લાગતી હતી. "રાજ્ય ચલાવતાં તમને આવડે છે કે મને? તમે ભેગું કરીને એની રક્ષા માટે ચોકિયાત રાખો છો, પોલીસ રાખો છો, બીજા રાજાઓને શત્રુઓ બનાવો છો અને સંગ્રહ કરીને બીજા રાજાઓનાં મનમાં તમારા પ્રત્યે ઈર્ષ્યા જગાડો છો. અહીં એટલા ચોકિયાત પણ નહિ અને ઈર્ષ્યા પણ નહિ. ઉપરથી તમારા જેવા પણ એમ કહે છે કે સદાવ્રત ખાતું ચલાવે છે. મારો ભંડાર મારે ત્યાં નહિ, પ્રજાને ત્યાં છે. મારો રાજ્ય-ભંડાર સંપત્તિ નહિ, સુબુદ્ધિ છે."

આ બે વચ્ચેનું અંતર તમને ખ્યાલમાં આવ્યું? સુબુદ્ધિ અને સંપત્તિ. એકની પાસે સુબુદ્ધિ હતી એટલે એ પ્રસન્ન અને સંતોષી હતો. બીજાની પાસે સંપત્તિ હતી એટલે એ સદા પ્રજાને લૂંટવાના વિચારમાં બળ્યા કરતો હતો.

તમારે ત્યાં કોઈ ઘરાક આવે ત્યારે તમને એમ વિચાર આવે ને કે આજે આને બરાબર "શીશામાં ઉતારું". આ બહુ સારો શબ્દ છે! ઉપરથી તમે રાજી થાઓ ને? ઘરાકને કેવો બનાવ્યો, કેવી રીતે લૂંટ્યો.

શીશામાં ઉતારનાર પોતે પણ ક્યાંક ઉતરી રહ્યો છે એ ભૂલી જવાય છે. તું કોઇકને ઉતારે છે, તને કો'ક ઉતારે છે.

દુર્બુદ્ધિ એ સહુથી ખરાબમાં ખરાબ વસ્તુ છે. ઘરાકની સાથે વ્યાપાર કરવો હોય તો એમ નહિ ઇચ્છો કે આજ આ બરાબર હાથમાં આવ્યો છે, હું લૂંટી લઉં, મારું ઘર ભરી લઉં. એ તમારી કુબુદ્ધિ તમને સુખે નહિ જીવવા દે.

જો બની શકે તો સરસ વિચાર કરો. "જેમ હું પેટ લઇને બેઠો છું એમ એને પણ પેટ છે. હું જેમ સુખી થવા માગું છું એમ આ પણ સુખી થવા અહીં આવ્યો છે. હું આની સાથે એવો વ્યાપાર કરું કે જેમાંથી મને પણ બે પૈસા મળે અને આ લઈ જનાર માણસ પણ સુખી થાય" ઘરાકનું સારું નહિ ઈચ્છો ત્યાં સુધી વ્યાપારીનું સારું નહિ થાય. વ્યાપાર એ ત્રાજવું છે. એક બાજુનું પલ્લું ઘરાક છે, બીજી બાજુનું પલ્લું વેચનાર છે. વેચનાર અને લેનાર બન્નેનાં પલ્લાં સરખાં રહે તો જ એ ત્રાજવું પ્રામાણિક ગણાય.

ધરતીકંપ એ બીજું કાંઇ નથી, માણસના જીવનના પડઘાઓ છે. માણસને shock આપે છે, ધડકાવે છે, ગભરાવે છે. સદ્બુદ્ધિના અસ્તિ-

ત્વનો ખ્યાલ આપે છે. કહે છે કે તું એમ માનીશ નહિ કે બધું science ઉપર અને વિજ્ઞાન ઉપર જ ચાલે છે. અનિયંત્રિતને નિયંત્રિત કરનારું તત્ત્વ વિશ્વમાં પ્રચ્છન્ન છતાં જીવંત છે. જે અનુશાસન કરી શકે છે. તમે જોશો કે વિજ્ઞાન બધે પહોંચી શકયું પણ ધરતીકંપ કયારે થવાનો છે એનું barometer એની પાસે નથી.

આ બિચારા જોષીઓની તો વાત જ જવા દો. એ તો ગોરખધંધા જ કરતા હોય છે. એ બધા તકસાધુઓ છે. બનાવ બની ગયા પછી બોમ્બગોળાઓ છોડનારા અને કહેનારા ગમે એટલા હોય પણ ધરતીકંપ પહેલાં કોઇએ આવીને કોઈ છાપાના તંત્રીને કે ખબરપત્રીને નહોતું કહ્યું કે તમે ચાર વાગે બધાને ચેતવી દેજો.

આ પ્રકૃતિનો નિયમ છે. એનો અર્થ એ નથી કે પ્રકૃતિ આપણાથી વિરુદ્ધમાં છે. આપણે પ્રકૃતિથી વિરુદ્ધમાં છીએ. પ્રકૃતિ તો આપણા સંવાદમાં છે. માણસો પ્રકૃતિને challenge કરે છે એટલે પ્રકૃતિ પોતાની શકિતનો આવિષ્કાર એવા કોઈ બનાવો દ્વારા કરે છે.

માણસે માત્ર સંપત્તિ માટે નહિ પણ સુબુદ્ધિ માટે સાધના કરવાની છે. કદી એ વિચાર આવે છે કે મારી પાસે સંપત્તિ તો આવી પણ સુબુદ્ધિ છે?

સુબુદ્ધિ ન હોય તો સંપત્તિ આશીર્વાદ બનવાને બદલે અભિશાપ બની જાય છે; સુખ બનવાને બદલે એક ચિંતા બની જાય છે; પ્રભુતા બનવાને બદલે પશુતા થઈ જાય છે; માણસ શેઠિયાને બદલે વેઠિયો બની જાય છે.

જે પૈસો તમને આરામથી ધર્મ ન કરવા દે, સદ્ગુરુઓનાં વચનામૃત સાંભળવા ન દે, પ્રાર્થના માટે સમય ન કાઢવા દે અને સુખશાંતિ ન દે તો વિચારવું જોઇએ કે પૈસાએ તમને સ્વામી બનાવ્યા કે દાસ? ધનથી જો દાસપણું આવતું હોય તો એ લક્ષ્મીપતિ નથી પણ લક્ષ્મીદાસ છે!

એક લક્ષ્મીપતિ છે, બીજો લક્ષ્મીદાસ છે. લક્ષ્મીપતિ કોણ? જે સંપત્તિને દાસ કરે. કોના દ્વારા? સુબુદ્ધિ દ્વારા. પણ જે લક્ષ્મીદાસ છે એ બુદ્ધિ ગુમાવી દે છે અને જીવનભર લક્ષ્મીનો નોકર થઇને માત્ર આરતી જ ઊતાર્યા કરે છે. એની સારીય જિંદગી સંચયમાં પૂરી થાય છે. તેમ છતાં લક્ષ્મીને જવું હોય ત્યારે એ આરતી ઉતારનારને પૂછતી પણ નથી કે હું જાઉં?

પુણ્યનો ઉદય એ સંપત્તિ નહિ પણ સુબુદ્ધિ છે. જેની પાસે સુબુદ્ધિ છે એની સંપત્તિ ધન્ય છે.

ધર્મ સંપત્તિનો વિરોધી નથી. સંપત્તિ પુણ્યનો એક અંકુર જરૂર છે, પણ એ પૂર્ણ નથી. સંપત્તિને લોકોએ સત્કારી છે પણ સંપત્તિ અલંકૃત કોનાથી બને છે? સુબુદ્ધિથી. સુબુદ્ધિ હોય તો જ અલંકૃત બને છે.

સંપત્તિથી પ્રસિદ્ધિ કે સમૃદ્ધિ આવે પણ શાંતિ તો સુબુદ્ધિ હોય તો જ આવે.

આપણને એક બહુ મોટું બિરુદ મળેલ છે, "માનવ." માનવ થવું એ કાંઇ સામાન્ય વાત નથી. બધાં જ વિશેષણો એની આગળ વામણાં છે. માનવ બનવા માટે સુબુદ્ધિ અનિવાર્ય છે. આ હોય તો જ વિચાર આવે કે હું કોણ છું અને કયાં છું?

મિત્ર હોય કે શત્રુ પણ એના માટે માનવના વિચાર તો મંગળમય જ હોય.

અમંગળ વિચારો આપણા મંગળ વિચારોને ધૂંધળા કરી નાખે છે. બીજા માટેના અમંગળ વિચારો આપણા જ વિચારોને ધૂંધળા કરે છે. અમંગળ વિચાર આવે છે કયાં? આપણા મગજમાં આવે છે. આપણા મગજના સુવર્ણ પાત્રમાં આ ગંદી અમંગળ વસ્તુ શા માટે આવવા દેવી?

તમારી પાસે માટીનું કોઈ પાત્ર હોય અને તમારા હાથમાંથી સરીને એ ગટરમાં ચાલ્યું જાય તો એમાં ગટરની ગંદકી આવ્યા વિના રહે? કદાચ એ વસ્તુઓને તમે કાઢી નાખો પણ એના અંશો તો રહી જ જાય છે. એને સાબુથી, ગરમ પાણીથી ધૂઓ પણ એ જે એકવાર ગટરમાં ગયેલું પાત્ર જલદી શુદ્ધ કેમ થાય?

એવી જ રીતે આપણા મગજમાં ગંદા વિચારો આવી ગયા તો એટલીવાર તો મગજનું પાત્ર ખરાબ થઇ જ ગયું ને?

એટલા માટે પ્રથમ વિચાર એ છે કે સુંદર વિચારો જે કોઈ પણ તમારી સામે આવે ત્યારે એક જ વિચાર કરો "આનું ભલું થાઓ અને મારાથી જો જોઈ શકાય એમ હોય તો એનામાં હું સારું જોઉં અને ન જોઈ શકાય તો ખરાબ જોવાની મારે જરૂર નથી."

સુબુદ્ધિવાન માણસ વિચાર કરતો કરતો ધીરે ધીરે પોતાની અંદરની દુનિયાને પોતે સમૃદ્ધ બનાવતો જાય છે. પણ જો એ ખરાબ વિચાર કરતો થાય તો ધીરે ધીરે એનું અંતર એવું મલિન થાય કે પછી બધે એને અમંગળનું જ દર્શન થાય છે.

જગતમાં આજે સંપત્તિ વધતી જાય છે, સુબુદ્ધિ ઘટતી જાય છે. સુબુદ્ધિને વધારવી હોય તો શું કરવું જોઇએ? પ્રાર્થના.

ભગવાનને કાગળ લખવો હોય તો શાહી નહિ, કાગળ નહિ, કાંઈ નહિ; એને એક પ્રાર્થના કરો, તમારો અવાજ ત્યાં પહોંચી જાય છે.

પ્રાર્થના એ શબ્દ નથી પણ હૃદયનો પોકાર છે. તમારું હૃદય પોકારે છે "તારા અને મારા વચ્ચે કેવું અંતર પડી ગયું છે! તું સુબુદ્ધિનો ભંડાર છે અને અહીં કુબુદ્ધિ સિવાય બીજું કાંઈ છે જ નહિ."

બાળક જેમ માને પોકારે છે એમ હૃદય પોકારે છે "કાં તો તું મને નજીક બોલાવી લે અગર તો દૂર રહું ત્યાં સુધી તું મને તારી હૂંફ આપ."

પ્રાર્થના એ માણસને માટે એક અનિવાર્ય અંગ છે. માણસ જ્યારે પ્રાર્થનામાં બેસે છે ત્યારે અંતરનું અવલોકન કરે છે. "મારી પાસે સંપત્તિ છે કે સુબુદ્ધિ? સંપત્તિ વધી કે સુબુદ્ધિ?"

એક જમાનામાં લાખ રૂપિયાવાળો લખેશરી કહેવાતો. એનું માન પણ કેટલું! આજે લાખ તો ઠીક કરોડાધિપતિને પણ એટલી પ્રતિષ્ઠા નથી મળતી. સમૃદ્ધિ વધી છે, કલ્પના ન કરીએ એટલો પૈસો વધ્યો છે પણ એ સંપત્તિ વધવાની સાથે સુબુદ્ધિ વધી છે કે નહિ એનું barometer એ આપણી પ્રાર્થનાઓ છે.

ભગવાન અને આપણી વચ્ચે એકતાનું દર્શન થાય છે ત્યારે આપણે ભગવાનની પાસે અને પાસે આવતા જઇએ છીએ; અને જેમ જેમ એની પાસે આવીએ તેમ તેમ દુર્બુદ્ધિ ઘટતી જાય છે અને સુબુદ્ધિ વધતી જાય છે.

ભગવાનની કૃપા એ શું છે? આપણામાં સદ્‌બુદ્ધિ આવે ત્યારે સમજી લેવું કે હવે ભગવાનની કૃપાનું અવતરણ આપણામાં થઈ રહ્યું છે. પણ સુબુદ્ધિ ન આવે અને એકલી જ સંપત્તિ આવે તો એમ નહિ કહેવું કે તમારા ઉપર ભગવાનના ચાર હાથ! ભગવાનના ચાર હાથ હોત તો સુબુદ્ધિ એટલી જ હોત, જેટલી સંપત્તિ.

(અપૂર્ણ)

# "વિ કા સ"

[પૂ. મુનિશ્રી ચિત્રભાનુજીએ તા. ૧૧-૧૨-૬૭ સોમવારના રોજ જૈન મહિલા સમાજમાં આપેલ પ્રવચનની નોંધ].

'વિકાસ'એ તમારી સંસ્થાના માસિકનું નામ છે. હું ઇચ્છું કે એ જ તમારા સૌનો જીવનઆદર્શ હો.

વિકાસ ! હા, વિકાસ એટલે ખીલવું, હૃદયને ખોલવું, અંધકારને બહાર ફેંકવો અને પ્રકાશનો સત્કાર કરવો.

વિકાસ એ વૃત્તિ નહિ, પ્રવૃત્તિ છે. ગતિ નહિ, પ્રગતિ છે.

કળી એ વિકાસ અભિમુખ બને છે. એ ખીલતી જાય છે અને સૂર્યનો પ્રકાશ હૃદયમાં ભરતી જાય છે. પ્રકાશના સ્પર્શે કળીકળીમાંથી સૌંદર્ય વિકસે છે.

માણસનું જીવન પણ બિડાયેલી કળી જેવું છે. એ વિકસે તો ભક્તિ, પ્રેમ અને પ્રભુતાનો પ્રકાશ ઝીલી પોતાના જીવનને સૌંદર્યમય બનાવી દે.

ઘરના મધ્યભાગમાં ફૂલદાનીમાં પુષ્પોને ગોઠવે છે કારણકે એ ખીલી જાણે છે, પ્રકાશને ઝીલી જાણે છે, પોતાના જીવનનો વિકાસ કરી શકે છે. જો પુષ્પ ખીલી જાણે તો માણસનું હૃદય શા માટે ખીલી ન શકે ?

ફૂલનો વિકાસ માણસના મનને આકર્ષી શકતો હોય તો વ્યકિતનો વિકાસ કેટલાયને આકર્ષિત કરી શકે !

જેમણે પોતાના જીવનને વિકસાવેલું, જેમના જીવનમાં સુવાસ હતી એમના નામનો, એમના સ્મરણનો અને એમની કીર્તિનો ડંકો આજે પણ ત્રણે દુનિયામાં વાગી રહ્યો છે. એ કાંઈ ધન આપી નથી ગયા પણ એ વિકસી ગયા. એમના સમયમાં એ વિકાસની પૂર્ણતા પામી શકયા.

જેમ જેમ કાળ વહેતો જાય છે તેમ તેમ એમનાં નામ વધારે અને વધારે પ્રોજ્જવલ થતાં જાય છે.

જે દેહમાં જીવીએ છીએ એ પડી જવાનો, જે દુનિયામાં રહીએ છીએ એ દુનિયા વીખરાઈ જવાની અને જે સ્વજનો પાસે છે એ છૂટા પડવાના – આ બધામાંથી કોઇ જ શાશ્વત નથી, બધાં છૂટા પડી જવાનાં. તો આપણે આપણા જીવનને અમર કેમ કરી શકીશું ?

માણસ પૂતળાં મુકાવવાથી કે ફોટાથી અમર નથી બનતો. એ એના સુકાર્યોથી અમર બને છે. જેમ જેમ કાળ વહેતો જાય તેમ તેમ સુકાર્યોનું તેજ વધતું જાય છે. જેમ અંધારામાં દીવો ચમકે છે એમ કાળ વ્યતીત થતાં એમનાં નામ ચમકે છે.

આપણે વિચારીએ કે આપણે સંસારમાં શું કરી શકીએ ? સંસારને શું આપી શકીએ ? સંસારમાંથી શું લઈ જઈ શકીએ ?

થોડુંક લેતા જઇએ ને થોડુંક દેતા જઇએ. આ લેવડદેવડ છે. શું લેવું અને શું દેવું ?

આ સંસારમાં લેવા જેવું હોય તો લોકોની શુભેચ્છા છે. રોજ એકાદી પણ શુભેચ્છા જીવનના ખાતામાં જમે થવી જોઇએ. સાંજે સૂવા જતી વખતે પૂછો કે આજે મેં શું સારું કામ કર્યું ? એકાદ નાનકડું પણ કામ યાદ કરો. આંધળાને દોરવાનું, કૂતરાને રોટલી આપવાનું, તરફડતા જીવજંતુને છાંયે મૂકવાનું, પડોશીને સારી વાત કહી દુઃખમાં આશ્વાસન આપવાનું, એ નાની વાતોમાં પણ શુભેચ્છાઓનો સંગ્રહ છે.

બીજાના હૃદયમાંથી પ્રગટેલા આશીર્વાદની ભાવના તો તમારા જીવનને નવપલ્લવિત કરી દે.

લોકો એકબીજાની નિંદા કરે, ગેરહાજરીમાં ખરાબ વાતો કરે. પણ આ કુટેવથી ફાયદો શું ? જીભ અપવિત્ર થાય, મન ખરાબ થાય અને જેની વાત કરી એને તો એની ખબર પણ નથી.

આ વાતનો ઊંડાણથી વિચાર કરશો તો થશે કે શા માટે હું બીજાની વાત કરવા જાઉં છું? બીજાના પ્રશ્નોનો વિચાર કરવાનો મને શો અધિકાર? અધિકાર હોય તો મારી કે મારી જોડે બેઠેલા હોય તેની વાત કરવાનો છે.

મોટા ભાગની શકિતઓ બીજાની ટીકા કરવામાં, બીજાના દોષ જોવામાં ખલાસ થઇ જાય છે.

આ વાતના કારણે સમાજમાં બહુ નુકસાન થયું છે. જે સારા અને સાચા છે એમને માટે પણ હૃદયમાં ભાવ ન જાગે. થાય કે દુનિયા આવી જ છે તો આપણે પણ એવા કેમ ન બનીએ?

બીજાના દોષ જોવા, દુર્ગુણો જોવા અને બીજાની પંચાતમાં જીવનના કિંમતી સમયને નષ્ટ કરવા કરતાં જેને માટે તમને ખરેખર લાગતું હોય તેને જ કહો: "તમારામાં ઘણી સારી વાતો છે એ જોઈ મારું મન તમારા પ્રત્યે આદર સેવે છે પણ તમારી આ એક ટેવ મારા મનમાં ખૂંચે છે, એને દૂર કરો તો સુવર્ણમાં સુગંધ ભળે." પણ એની ગેરહાજરીમાં વાત કરવી એ સંસ્કારી સ્ત્રીને અને એમાં પણ ધર્મીને તો શોભતી જ નથી.

ધર્મને ધર્મસ્થાનોમાં જ ન પૂરી રાખો, એને સંસારમાં વાળો. ધર્મ એ જીવનને પારદર્શક શુભ્ર બનાવવાનો કીમિયો છે. શબ્દોને નિંદા કરવામાં વાપરો એના કરતાં આશ્વાસનના હૂંફાળા બે શબ્દોથી બીજાને શાંતિ આપવામાં વાપરો તો કેવું સારું?

તમારી પાસે પૈસો હોય, સાધનો હોય તો જે દુનિયામાં તમે રહેતા હો ત્યાં પડોશીને જુઓ. માણસ માણસને કામ નહિ આવે તો કોણ કામ આવશે? તકતી માટે આપવા કરતાં તકલીફમાં ડૂબેલા કુટુંબોને ખાનગી રીતે મદદ કરવામાં જ સાચી માનવતા છે.

આવી મદદ કરનાર પ્રત્યે તો આદર પણ જાગે અને આશીર્વાદ પણ પ્રગટે.

એક બહેન પહેલાં ગરીબોને સારી મદદ કરતાં હતાં પણ થોડા સમયથી એમણે એ બંધ કરી હતી. એમને પૂછયું તો કહે: "હું હવે ગરીબોને મદદ નથી કરતી. કારણકે એકવાર એમનાં છોકરાંને મીઠાઈ લાવીને ખાતાં મેં જોયાં. મને થયું આ મદદને પાત્ર નથી."

મેં પૂછયું: "તમારી જેમ એ મા નથી? માનો જીવ છે, પેટે પાટા બાંધી, દુઃખ વેઠીને પણ કોઈ સારા દિવસે પેંડા લઇ એના ભૂલકાંને આપે. આ જોઇને તો તમારી આંખમાં અમી વરસવાં જોઇએ. તમને એમ થવું જોઇએ કે અમે તો રોજ ખાઇએ છીએ, ચાલો ગરીબ પણ ખાય છે. એ પણ જીવ છે, મનુષ્ય છે. આ દૃષ્ટિ કેળવવાની જરૂર છે.

ઘણીવાર આવા પ્રસંગો જોઇ દાનદેનારા આ બહાને આપવાનું બંધ કરે છે.

સમાજમાં વ્યક્તિ વ્યક્તિની વચ્ચે રહેલાં prejudices નીકળી જાય તો સમાજ બહુ નજીક આવે, એકબીજાને સમજે અને એક બીજાનો ટેકો બને.

આજે સુખનો દિવસ છે. શી ખબર કે કાલે સુખનો દિવસ નહિ બદલાય! કંચન, કાયા અને કુટુંબ અશાશ્વત છે. એ હોય ત્યારે એનો સારો ઉપયોગ કરી લો તો જીવન ધન્ય થાય. વસ્તુ હોય ત્યાં સુધી ઉપયોગ કરી લેવો.

એક રાજા પાસે વિચારક ગયો. વિચારકે પૂછયું કે તમે આટલા બધા સુખી કેમ છો? રાજાએ કહ્યું કે આજે ઉત્તર નહી આપું પણ આ વડલાના ઝાડ નીચે બેસ, ત્યાં ૬ મહિના રહેવું પડશે. આ વડલો સુકાઈ જશે ત્યારે કહીશ.

પેલા વિચારકને એક જ વિચાર રાતદિવસ આવે. આ વડલો સુકાતો કેમ નથી! ક્યારે સુકાશે? રોજ જુએ. ધીમે ધીમે પાંદડાં પીળાં પડવા લાગ્યાં અને ત્રણ મહિનામાં વડલો સુકાઈ ગયો.

વિચારક રાજા પાસે ગયો તો રાજાએ કહ્યું કે વડલો નવપલ્લવિત બને, ફળફૂલથી લચી પડે તો ઉત્તર આપીશ. અને નવપલ્લવિત થતા પહેલાં જતો રહીશ તો તને સજા કરીશ.

પેલો વિચારક રોજ બેઠો બેઠો કહે "હે વડલા! તું નવપલ્લવિત બન તો ઉત્તર મળે. ઉત્તર નહિ મળે તો કાંઈ નહિ પણ હું જીવતો ઘર ભેગો થાઉં." ત્રણ મહિના પછી કૂંપળો ફૂટી. એ રાજદરબારમાં દોડી ગયો. "રાજન! વડલો નવપલ્લવિત થયો છે." રાજાએ કહ્યું "ઉત્તર મળી ગયો ને? વડલાને રોજ નિસાસા નાખતો હતો તો તારા નિસાસાથી વડલો સુકાઈ ગયો. બીજા ત્રણ મહિનામાં આશીર્વાદ આપવા માંડયો શુભેચ્છાઓ વરસાવવા લાગ્યો તો સૂકો વડલો પણ લીલો થયો!"

સંસારમાં લોકોની શુભેચ્છા લો તો વડલાની જેમ નવપલ્લવિત રહો, સુખી બનો. અને નિસાસા લો તો સુકાઈ જાઓ, દુ:ખી બનો.

માત્ર મારું કલ્યાણ થાય એમ નહિ પણ સહુનું ભલું થાઓ. સહુના ભલામાં મારું ભલું છે. કેટલાક કહે કે બીજા ગયા ખાડામાં. બીજા ખાડામાં ગયા તો તમે ટેકરા ઉપર કેમ રહી શકશો? બીજા સુખી તો તમે સુખી.

शिवमस्तु सर्व जगतः
परहितनिरता भवंतु भूतगणाः
दोषा प्रयान्तु नाशं
सर्वत्र सुखी भवंतु लोकाः

સવારે પ્રાણ રેડીને પ્રાર્થના કરો. બધાનું કલ્યાણ હો; બધા સુખની છાયામાં રહો; શબ્દો સાથે એકરસ બનો. પછી જુઓ કે સુખ તમારે આંગણે દોડતું દોડતું આવે છે કે નહિ! રેડિયો-માંથી તરંગો દ્વારા સંગીત છૂટે તેમ વિશ્વમાંથી સંગીતના waves છૂટે. એ ગુપ્ત છે, પ્રચ્છન્ન છે પણ એક હકીકત અને બળ છે. જે બધાનું સારું ઈચ્છે એનું બૂરું કરનાર છે કોણ?

સુવાસ દેખાતી નથી પણ સૂંઘી શકાય છે એમ આશીર્વાદ દેખાય નહિ પણ અનુભવાય ખરા. સુખનો અનુભવ થાય છે ને? એ ક્યાંથી આવ્યું? કેમ આવ્યું? આશીર્વાદના બીજમાંથી સુખનો છોડ પ્રગટ્યો છે.

સુખની લાલી જીવનમાં લાવવી હોય તો શુભેચ્છાઓ વધારવી પડશે. દુનિયાભરમાંથી શુભેચ્છાઓ ભેગી કરો; જ્યાં જાઓ ત્યાં નમો. નમ્યો તે ગમ્યો. સુખના દહાડામાં માથું ઊંચું કરશો નહિ. નમતા રહો. દુનિયાને શીખવા દો કે આટલો સુખી છતાં કેવો વિનયી!

કોઈ બૂરા વિચાર મોકલે તો આશીર્વાદના જળપ્રવાહમાં એ બૂરા વિચાર અંગારાની જેમ બુઝાઈ જાય.

વિપુલ પાણીમાં બળતો કોલસો બુઝાઈ જાય એમ શુભેચ્છાના સરોવરમાં દુર્વિચારનો કોલસો બુઝાઈ જવાનો.

દુનિયામાં લેવાનું શું છે? શુભેચ્છા.

દુનિયાને દેવાનું શું છે? પ્રેમ.

બધાં પ્રેમ ચાહે છે, કૂતરું માણસને ગમે છે કારણકે એ પ્રેમી છે. માલિકને જુએ અને નાચવા માંડે. એ બીજી ભાષા નથી જાણતું. એની આંખમાં પ્રેમ છે. માલિકને સાચા દિલથી એ ચાહે છે. એટલે જ માણસ દિકરાને ન ચાહે એટલો કૂતરાને ચાહે અને સાચવે.

એક માળામાં રહેતું કુટુંબ બીજે રહેવા ગયું. માળાવાળા કહે કે એ કુટુંબ હતું અને

માળો સુવાસિત હતો, તેઓ ગયા અને માળાની રોનક ગઈ. માળો ખાલી ખાલી લાગે છે કારણકે એ કુટુંબ જીવન જીવી જાણ્યું. પ્રેમ અને મૈત્રીની હવા ફેલાવી ગયું..

શુભેચ્છા લેવાની છે અને નિર્મળ પ્રેમ આપવાનો છે.

ત્રીજી વાત છોડવાનું શું ? હેય, શું ?

ક્રોધને છોડવાનો છે. બહેનોનાં મગજ જલદી ગરમ થઈ જાય છે. તો શું કરવા સંસારમાં પડ્યાં ? ઇચ્છીને સંસાર સ્વીકાર્યો છે. હવે ક્રોધ કરે શું વળે ? જવાબદારી લીધી છે તો પૂરી કરો. સંસારમાં પડ્યા છો તો શાંતિ રાખો.

ઘણી બહેનો ક્રોધમાં આવે અને બાળકને મારે, પતિને સંભળાવે.

ક્રોધ એક એવો તોફાની વાયરો છે જે વિવેકના દીપકને બુઝાવી દે, પછી સામે કોણ છે તે દેખાય જ નહિ.

ક્રોધ ત્રણ વસ્તુનો નાશ કરે છે. પ્રીતિ, વિવેક અને વિનય.

ક્રોધ આવે અને પ્રીતિ ગઈ. બે મિનિટમાં બધું ખાખ. અરે, ક્રોધી તો પોતાની જાતને પણ નુકસાન કરે. સ્ત્રીઓ આપઘાત પણ કરે છે ને ? પુરુષોને આપઘાત કરતા જોયા છે ? સ્ત્રી જાતમાં આપઘાતના બનાવો ઘણા બને છે. કારણકે એ એટલી નિર્બળ બની જાય છે કે પોતાની જાતને પણ જાળવી ન શકે.

પતિ પત્ની ક્રોધ કરે એમાં બિચારું નિર્દોષ બાળક ટીચાઈ જાય. પ્રેમનું અમૃત વરસાવતી મા ક્રોધના કારણે શત્રુ બની જાય છે.

નિર્બળને ક્રોધ જલદી આવે. વીર હોય તો ક્ષમાવાન હોય.

આશીર્વાદનો સંચય કરો, નિર્મળ પ્રેમનું દાન કરો, ક્રોધનો ત્યાગ કરો.

પૂજા કરવા જતાં ફૂલવાળી અડી જાય તો સ્નાન કરી શુદ્ધ થાઓ પણ ક્રોધરૂપી વાઘરણ આવી તેનું પ્રાયશ્ચિત નહિ ? પેલામાં તો પૂજા બગડી ગઇ પણ આમાં તો ભવ બગડી જશે.

ઘણી બહેનો નાનકડી વાત ઉપર એટલો બધો ક્રોધ કરે, ઝઘડા કરે કે આખું જીવન અને વાતાવરણ કટુતાપૂર્ણ બનાવી દે. ક્રોધનું પ્રાયશ્ચિત લો. તમે જ તમારા ગુરુ બનો. આમ જાગૃતિપૂર્વક પ્રયત્ન કરતાં આ જૂની ટેવ નીકળી જશે. ક્રોધ આવે તો કહો કે મારે ભગવાન આગળ ૧૦૦ ખમાસણાં દેવાં, ૨૦ બાંધી નવકારવાળી ગણવી.

જેની પાસે ક્રોધ નથી એ તો પ્રેમની દીવડી છે. એના પ્રકાશમાં સુખ અને શાંતિ વસે છે.

ચોથી વાત, આત્મચિંતન કરવું.

હું શા માટે આ દુનિયામાં આવી ? મારા જીવનનો હેતુ શું ? હું શું કરું છું ?

આમ ડૂબકી મારશો તો જીવનના ઉપયોગનો ખ્યાલ આવશે. અંતરમાં ડૂબકી મારવી, પોતાનું અવલોકન કરવું એ મોટી વાત છે.

પુરાણની આ વાર્તા છે. હિરણ્યકશ્યપુ, ભગવાનને મારવા નીકળ્યો, એની પાસે એક વરદાન હતું, એ ગમે તેને મારી શકે. હિરણ્યકશ્યપુ ત્રણે લોક ફરી આવ્યો પણ ભગવાન એને ન મળ્યા, થાકીને એણે મારવાનું માંડી વાળ્યું. ઘણાં વર્ષો પછી નારદે ભગવાનને પૂછ્યું કે તમે ત્યારે ક્યાં સંતાઈ ગયા હતા ? ભગવાને કહ્યું : "હું એની પાસે જ હતો. એના હૃદયમાં જ છુપાયો હતો. હિરણ્યકશ્યપુ બધે ગયો પણ પોતાના હૃદય તરફ નજર ન નાખી. એ ક્યારે નાખે ? વાંકો વળે તો ! પણ એ અભિમાની હતો. નમીને નજર અંદર નાખે તો ભગવાન દેખાય ને ?"

નમ્ર બનો. થોડી થોડી વારે અંતરમાં અવલોકન કરો, નિરીક્ષણ કરો, તો તમને જ તમારામાં રહેલું પરમતત્ત્વ દેખાશે.

લેવાનો આશીર્વાદ, દેવાનો પ્રેમ, ત્યાગ કરવાનો ક્રોધનો અને જાણવાનું સ્વતત્ત્વ. એ નહિ થાય તો પ્રવાસ નિષ્ફળ જશે.

તમારું નાનકડું મંડળ દુઃખી માટે વડલાનું કામ કરી રહ્યું છે. એ જોઈ મને આનંદ થાય છે. કોઇનાય સળગતા પ્રશ્નોને સમજીને ઉકેલવામાં સહાય થવું એ પણ એક સેવા જ છે. સેવાના ક્ષેત્રે નાનું-શું કામ પણ મહત્ત્વનું છે. કોઈને પાણીનું પવાલું પાવાનું કામ કર્યું હશે તો એનો પણ સંતોષ થશે.

સેવા કરવાની ભાવના તમારા બધામાં છે. તમારા કાર્યકરો ઉત્સાહી છે તો સેવાની સુવાસ કેમ ન ફેલાય?

આજની આ ચાર વાતને લક્ષમાં રાખી તમે સહુ કમળની જેમ વિકસતા જાઓ, પાંખડીમાં રંગ લાવતા જાઓ, પ્રકાશને હૃદયમાં ભરતા જાઓ અને પરમાત્માના પ્રેમના પ્રકાશને પામતા જાઓ એવી શુભેચ્છા.

(સંપૂર્ણ)

## રખેને આપણે વિસરી જઇએ!

- આ ત્રણેને ચાહીએ : બહાદુરી, સજ્જનતા અને સ્નેહાળતા.
- આ ત્રણેથી દૂર રહીએ : અન્યાય, ગર્વ અને નિમકહરામી.
- આ ત્રણેની કિંમત આંકીએ : બુદ્ધિ, શક્તિ અને સુખ.
- આ ત્રણેનો ત્યાગ કરીએ : પ્રમાદ, વાચાલતા અને ઉતાવળા અભિપ્રાયો.
- આ ત્રણેનું જતન કરીએ : સારાં પુસ્તકો, સારાં કામો અને સારા મિત્રો.
- આ ત્રણે માટે મરી ફીટીએ : દેશ, સ્વમાન અને સાચા મિત્રો.
- આ ત્રણેને કાબુમાં રાખીએ : ગુસ્સો, ખોટી અભરખા અને જીભ.
- આ ત્રણે માટે તૈયાર રહીએ : મૃત્યુ; દુઃખ અને પડતી.
- આ ત્રણેને કદીયે ગુમાવો નહિ : સમય, સંપત્તિ, અને શક્તિ.
- આ ત્રણેમાં કદીયે ઉતાવળ કરો નહિ : લગ્ન, વેપાર અને પ્રવાસ.

## સંસ્કાર જેવા પાડીએ તેવા પડે

એ વૃદ્ધ પુરુષ મહામહેનતે ચાલી શકતો હતો. તેના દાંત પડી ગયા હતા. કાને ઓછું સંભળાતું હતું. જ્યારે તે ટેબલ પર જમવા બેસતો ત્યારે તેના ધ્રુજતા હાથમાં ચમચો હલી જતો અને સૂપ ટેબલ પર ઢોળાઈ જતું. કોઈવાર કાચની પ્લેટ પણ હાથમાંથી છટકી જઈ તૂટી જતી. તેનો પુત્ર અને પુત્રવધુ આ જોઈ ગુસ્સે થતા એટલે તેમણે હવે બુઢા બાપને જમીન પર એક ખૂણામાં બેસાડી માટીના વાસણમાં ખાવાનું આપવાનું શરૂ કર્યું. ઘણીવાર તેને પૂરતું ભોજન પણ મળતું નહિ. પણ બુઢ્ઢો આંખનાં પાણી સંતાડી, ચૂપચાપ બધું સહન કરી લેતો હતો. એકવાર તેના ધ્રૂજતા હાથ માટીના વાસણને સંભાળી ન શકયા અને તે જમીન પર પડી તૂટી ગયું. યુવાન પુત્રવધુ આ જોઈ બડબડવા લાગી. બૂઢાએ ફળફળતો નિસાસો નાખ્યો. હવે તેઓ તેને માટે એક લાકડાની થાળી લઈ આવ્યાં તેમાં તેને રોજ જમવાનું આપવાનું આવતું. એક દિવસ તેઓ સૌ જમી રહ્યા હતા ત્યારે તેમનો ચાર વર્ષનો પુત્ર કયાંકથી લાકડાનો એક કટકો લઈ આવી તેને ચપ્પુ વડે ખોતરવા લાગ્યો. માબાપે પૂછયું : "બેટા શું કરે છે?" બાળકે નિર્દોષભાવે કહ્યું : "આની હું થાળી બનાવું છું. તમે બૂઢા થઈ જાઓ ત્યારે તમને બન્નેને આમાં ખાવાનું આપીશ." બીજે દિવસે બૂઢાએ જોયું કે, તેનું ભોજન ટેબલ પર કાચના વાસણોમાં પીરસાયું હતું.

# ❋ ફિકરની ફાકી કરે ઉનકા નામ ફકીર ❋

જૂના વખતની આ વાત છે. ઈરાનમાં ઘોર દારિદ્રયે પોતાનો ક્રૂર પંજો ફેલાવ્યો હતો. દેશની ભૂખી જનતા ધનિકોની સામે ભૂખી નજરે નિહાળી રહી હતી. કેટલાક બેકાર લોકોએ તો નાની નાની ટોળીઓ જમાવીને ગામડાઓમાં ધાડો પણ પાડવા માંડી હતી. મિલકત જમાવીને બેઠેલા ધનિકોની ઊંઘ એમણે ઉડાડી મૂકી હતી.

ઈરાનનો એક શાહ સોદાગર ધાડપાડુઓની આંખમાં ચડી ગયો. એક-બે વખત તો એ ધાડ-પાડુઓએ એના કાફલા ઉપર ધાડ પાડવા પ્રયત્ન કરેલો. પરંતુ સજાગ અને શકત ચોકીદારોને લીધે એ વખતે એ બચી ગયો હતો. "હાર્યો જુગારી બમણું રમે" એ ન્યાયે હતાશ થયેલા ધાડપાડુઓએ અવાર નવાર ધાડ પાડવા પ્રયત્નો જારી રાખ્યા. આથી શાહ સોદાગરની ઊંઘ પણ હરામ થઈ ગઇ.

એક દિવસ એને વિચાર આવ્યો : "માળુ આ તે કાંઇ જીવન છે! સુખે રહેવા ન મળે, સુખે ખાવા ન મળે; સુખે ઊંઘવા ન મળે. આવું જીવન જીવવાનો પણ અર્થ શો?

આવો વિચાર આવતાં જ એનું મન ઉદાસ થઇ ગયું. વેપાર ધંધામાંથી એનો રસ ઊડી ગયો.

ખૂબ ખૂબ મનોમંથનને અંતે એણે મન સાથે નક્કી કરી નાખ્યું કે: 'આવા જીવન કરતાં તો ફકીરી સારી. ફકીર બન્યા પછી કોઈ જાતની ફિકર તો નહિ. એ ય નિરાંતે ઊંઘ તો આવે!'

એક દિવસ એ શાહ સોદાગરે પોતાની તમામ મિલ્કતનો ત્યાગ કરી ફકીરી ધારણ કરી લીધી.

જીવનભરનો બોજ માથા પરથી ઊતર્યો હોય એમ તે હળવો ફૂલ બની ગયો. કોઈ સજ્જનને ત્યાંથી ભિક્ષા લઇને તેણે નિરાંતે ખાધું. ઊંઘવા માટે એણે તો લંબાવ્યું. ઘણા દિવસની ઊંઘ કાઢતો હોય તેમ કલાકો સુધી તે ઘોરતો રહ્યો.

ભૂખ લાગે ત્યારે ઊઠે અને કોઈ સજ્જનને ત્યાંથી ભીખ માંગીને પેટનું ભાડું ચૂકવી દે. આમ એનું જીવનગાડું ગબડવા લાગ્યું.

એક વખત સુપ્રસિદ્ધ સંત આઝાર કૈવાનનો એને ભેટો થઇ ગયો. પ્રાથમિક વાતચીત કર્યા પછી આઝાર કૈવાને પૂછ્યું: 'કેમ, આનંદમાં તો છો ને!'

'આનંદની તો બસ વાત ન કરો. જયારથી આ ફકીરી અપનાવી છે ત્યારથી તો બસ લીલા લહેર છે. પૂર્વજીવનમાં તો નિરાંતે ઊંઘ પણ નહોતી લેવાતી. ફકીરી લીધા પછી તો બે વખત ભિક્ષા લીધા પછી બસ આનંદથી ઊંઘું છું. સાચું કહું, સુખે ઊંઘવા માટે મેં ફકીરી અંગીકાર કરી છે.'

સંત આઝાર કૈવાને તો ખરેખરા અર્થમાં ત્યાગને દીપાવ્યો હતો. જયારે આ સોદાગરે તો સુખચેનથી જિંદગી વિતાવવા માટે જ ફકીરી લીધી હતી.

આ ફકીરની વાત સાંભળીને એને ખૂબ દુઃખ થયું. એમણે વિચાર્યું; 'અત્યારે જો હું એને આ બાબતમાં શિખામણના બે શબ્દો કહ્યા વિના મૂંગેમૂંગો ચાલ્યો જાઉં તો મારી ફકીરી લજવાય. માર્ગ ભૂલેલાને સાચો રાહ બતાવવો એ ફકીરીનો ધર્મ છે.

સંત આઝાર કૈવાને ખૂબ વિચાર કરીને કહ્યું: "ભાઈ! તમે ભીંત ભૂલ્યા છો. 'ફિકરની ફાકી કરે ઉનકા નામ ફકીર' એ વાત સત્ય હશે. પણ સાચા ફકીરે તો પોતાની ફિકર છોડીને આખા જગતની ફિકર કરવાની છે. 'બીજાની ફિકર રાખે એનું નામ ફકીર. તમે જયારે શાહ સોદાગર હતા ત્યારે તમને એ ભય હતો કે મને ચોરલંટારા લૂંટી જશે. બીજા આપણને લૂંટી ન જાય એ માટે આ ફકીરીનો અંચળો ઓઢી લીધો છે. સમાજને ભોળવીને ખાવું અને તાગડધિન્ના કરવા એ પણ લૂંટારાનું જ એક લક્ષણ છે. પહેલાં તમને બીજા લૂંટતા હતા, આજે તમે સમાજને લૂંટવા બેઠા છો. સુખની નિદ્રા લેવા માટે ફકીરી હોઈ શકે નહિ. સાચા ફકીરે તો રાત-દિવસ જાગીને એ જોવું જોઇએ કે સમાજમાં કોણ કોણ દુઃખી છે! એમનાં દુઃખ દૂર કરવા માટે ફકીરે પોતાની જાત ઘસી નાખવી જોઈએ. સતત જાગૃતિ એ જ સંન્યસ્તનું સાચું લક્ષણ છે, સમજયા.'

નવા બનેલા ફકીરે તો સંત આઝાર કૈવાનના ચરણમાં મસ્તક ઢાળી દીધું. આજે એને સમજાયું કે ફકીરને માથે સમાજ પ્રત્યેની કેટકેટલી જવાબ-દારીઓ પડેલી છે. આખો સમાજ સંન્યાસીઓને પાળવા પોષવા બંધાયેલો છે. સાથે સાથે સંન્યાસીઓએ પણ સમાજને અધિક ને અધિક સુંદર બનાવીને સમાજ પ્રત્યેનું ઋણ ફેડવાનું છે. ❋

# ● સમાચાર સાર ●

❋ ચંદારામજી ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સીપાલના આગ્રહથી શુક્રવારે બપોરે સાડાત્રણ વાગે પૂ. ગુરુદેવનું પ્રવચન વિદ્યાર્થીનીઓ માટે ગોઠવવામાં આવેલું. બહેનોને બીજાનું અનુકરણ કરી ઘેટાવૃત્તિ નહિ કેળવવાનું અને નિશ્ચિત ધ્યેય તરફ પ્રયાણ દ્વારા પ્રગતિ સાધવા જણાવ્યું હતું. પ્રવચનની ટૂંકી નોંધ પછીથી લેવામાં આવશે.

❋ તા. ૨૮–૧૨–૬૭ : પૂ. ગુરુદેવ તથા પૂ. બળભદ્રમહારાજ સાહેબ શિયાળાની ગુલાબી ઠંડીમાં વિહાર કરીને સ્વાધ્યાય કરવા વરલીમાં આવેલી ગ્રીન લૅાન સ્કૂલમાં પધાર્યા. પૂ. ગુરુદેવનો આશય વરલીમાં રહીને માત્ર વાચન, ધ્યાન વગેરે કરવાનો હતો પરંતુ વરલીના ભાઈઓનો આગ્રહ થતાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘની સ્થાપના કરી અને સોમવારે (તા. ૧–૧–૬૮) સવારે વરલી નાકા ઉપર આવેલા શિશુ વિકાસ મંદિરમાં 'જીવનમાં ધર્મની આવશ્યકતા' ઉપર પ્રવચન આપેલું. ત્યાં પંચાવન હજારનો ફાળો પણ થયો તથા વરલીના રાજમાર્ગ પર ઉપાશ્રય માટે જગ્યા લેવામાં આવી છે.

❋ તા. ૭–૭–૬૮ : ગ્રીન લૅાન સ્કૂલમાં જુનિયર ડિવાઇન નોલેજ સોસાયટી તરફથી 'જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો' ઉપર પૂ. ગુરુદેવે વિચારપ્રેરક પ્રવચન આપેલું હતું. નવયુવાનો પણ સમજી શકે એવી સરળ અને વેધક શૈલીમાં જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનું વિવેચન કર્યું હતું. ફિલોસોફી કઠિન અને શુષ્ક મનાય છે; પણ પૂ. ગુરુદેવે એ ભ્રાંતિ ટાળી હતી. જૈન ફિલોસોફી ખૂબ ઝીણવટથી છતાં અનેક ઉદાહરણો સહિત સુંદર અને સરળ શૈલીમાં સમજાવીને અનેક યુવાનોની શંકાનું સમાધાન કર્યું. પ્રવચન બાદ રોનક ઈન્ડસ્ટ્રીઝ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

❋ તા. ૧૪–૧–૬૮ : પૂ. ગુરુદેવ વરલીથી વિહાર કરે તે પહેલાં એમનો લાભ લેવા માટે વરલીના સી-ફેઈસ પર વસતા નાગરિકોની વિનંતીને માન્ય રાખી રવિવારે સવારે પૂ. ગુરુદેવનું 'નિત્યનો પાન્થ' પર પ્રવચન રાખ્યું હતું.

❋ ત્યારબાદ ડિવાઈન નોલેજ સોસાયટીની જનરલ મીટીંગ હતી, જેમાં સોસાયટી તરફથી કરાયેલી માનવ રાહત પ્રવૃત્તિઓનો આછો ખ્યાલ આપવામાં આવેલો. સોસાયટીનું કામ હવે યુવાન વર્ગ ઉપાડી લે એ આશયથી ફરી નવી ચૂંટણી કરવામાં આવેલી.

❋ તા. ૧૬–૧–૬૮ : સહકારી વિદ્યા મંદિરના મંત્રી અને કાર્યવાહકોની વિનંતીથી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ સમક્ષ પૂ. ગુરુદેવનું પ્રવચન ગોઠવાયું હતું. શાળામાં એક સુંદર ચિત્રકળા પ્રદર્શનનું અવલોકન કર્યા પછી પૂ. ગુરુદેવે બાળકોને પ્રેરણા આપતાં કહ્યું કે પથ્થરનાં પગથિયાં અને પ્રતિમા બન્ને બને છે. પ્રતિમા પૂજાય છે, પગથિયાં ઠોકર ખાય છે; કારણકે એક સહન કરે છે, બીજો બટકી જાય છે. તમે પણ પ્રતિમા બનવા માગતા હો તો સંસ્કારના ટાંકણા ખાવાં જ રહેશે.

❋ તા. ૧૭–૧–૬૮ : ચોપાટીના કલ્યાણ પાર્શ્વનાથ દેરાસરના ટ્રસ્ટીઓના આગ્રહથી પૂ. ગુરુદેવ ચોપાટી પધાર્યા છે અને ત્યાં રોજ પ્રવચન ચાલે છે.

❋

# Endurance

I will not ask you how multitudinous are your miseries. I will only ask you : how much is your endurance ? — how much your power of resistance against those miseries ? For, the night of Distress cannot long endure before the rising sun of Fortitude !

From 'Lotus Bloom'
**by Chitrabhanu**

## * સહનશીલતા *

તમારાં દુઃખો કેટલાં છે, એ હું તમને નહિ પૂછું. હું તો પૂછીશ કે તમારી સહનશીલતા કેટલી છે ? એ દુઃખોનો સામનો કરવાની તમારામાં શક્તિ કેટલી છે ? કારણ કે સહનશીલતાના સૂર્ય આગળ દુઃખનો અંધકાર દીર્ઘકાળ ટકી શકતો નથી.

**'સૌરભ'માંથી**

*With Best Compliments from :*

# JYOTI WIRE INDUSTRIES.

**Makers of Copper Conductors, Winding Wires,**
**All Aluminium & A. C .S. R. Conductors.**

Works:
Unit 1:Mahajan's Compound,
Vikhroli, Bombay-79.
2: Sonawala Estate,
Goregaon, Bombay-63.

Sales:
164 Kika Street,
Bombay-4.
Phone 334137.

Office:
165 Kika Street,
Bombay-4.
Phones : 334001/2.
Grams "Overhead".

# જીવન-ઉપવન કે ઉકરડો!

તમને કદી બગીચામાં ફરવાનું ગમે છે? તમને એમ લાગ્યું છે કે બગીચામાં ફરવાથી મન પ્રફુલ્લ થાય છે, મગજ હલકું બને છે, મનમાં સ્ફૂર્તિ આવે છે, થાક ઉતરી જાય છે, આનંદ લાગે છે. શાથી? બગીચામાં એવું શું છે કે જેથી આપણને આવો જાતજાતનો સારો અનુભવ થાય છે? બગીચામાં સ્વચ્છતા છે, બગીચામાં વ્યવસ્થા છે, સુંદરતા છે, લીલી વનસ્પતિ છે, રંગબેરંગી પુષ્પો છે, પાણી છાંટીને જમીનની ગરમી શાંત કરવાથી શીતલતા લાગી રહી છે, સુંદર વેલની કુંજો અને વૃક્ષોની ઘટાઓ છે; બગીચામાં કચરો નથી, કાદવ નથી; સડકો સ્વચ્છ છે, પક્ષીઓ આનંદથી ઉડી રહ્યાં છે, ત્યાં કોલાહલ નથી. આવાં આવાં કારણોને લઈને આપણને બગીચો ગમે છે.

તમને એમ લાગે છે કે આપણા જીવનને આવો બગીચો કરી શકીએ? એની સાથે જે સંબંધમાં આવે તે સહુ આપણા જીવનને જોઈ રાજી થઈ જાય એવું તમને ગમે? બગીચામાં જવું જેમ આપણને ગમે, તેમ બીજાઓને આપણી પાસે આવવું ગમે એવો આપણો જીવનબગીચો કરવો તમને ગમે ખરો? ભાઈઓ! ફળફૂલનો બગીચો વનસ્પતિવાળો હોવા છતાં પણ જડ છે, અને માનવજીવન તો ચૈતન્યમય છે. માનવજીવનમાં જે અદ્‌ભુતતા છે તેવી અદ્‌ભુતતા વનસ્પતિના બગીચામાં નથી. આપણી આંખ જેવી બગીચામાં કોઈ વસ્તુ છે? આપણી વાણી જેવી અદ્‌ભુત વસ્તુ બાગમાં કોઈને છે? આપણા મગજ જેવું, મન જેવું, બુદ્ધિ જેવું ઉત્તમ ત્યાં છે? નથી.

આથી આપણો જીવનબગીચો વનસ્પતિના બાગ કરતાં ઘણો જ ઉત્તમ અને મનોહર થઈ શકે—જો આપણે કરવા માગીએ તો માળી જેમ ગમે ત્યાંથી લાવીને સારા છોડ, સારા બીજ વગેરે વાવે છે, તેને સંભાળીને ઉછેરે છે, તેમ આપણે પણ ગમે ત્યાંથી સારા વિચાર લાવીએ, સારૂં સારૂં વાંચીને આપણામાં તે ખીલવીએ, સારી ક્રિયાઓ કરીએ, સારી વાણી કરીએ, સારી બુદ્ધિ કરીએ, સારૂં મન કરીએ, આપણી દરેકે દરેક વસ્તુને સુધારીએ, તો આપણો જીવન બગીચો કેવો સુંદર બને! જીવનને બગીચો કરવો કે ઉકરડો બનાવવો એ તમારા હાથમાં છે. શું બનાવશો? જે બનાવવું હોય તે અત્યારથી જ શરુ કરો.

—શ્રી ઉપેન્દ્રાચાર્યજી

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.